# અંતરિક્ષમાં ડેટા સેન્ટર
# દસ લાખ ઉપગ્રહો માટે ઈલોન મસ્કે મંજૂરી માગી છે

**હા**સ્ય કલાકાર અને ફિલસૂફ શાહબુદ્દીન રાઠોડ અવાર-નવાર કહેતા હોય છે કે કોઈની વ્યોમે હવેલીઓ હોતી નથી. મતલબ કે કોઈના બંગલાઓ આકાશમાં બાંધેલા હોતા નથી પરંતુ હવે સમય બદલાયો છે. શ્રીમંતો હવેલીઓ નહીં તો પણ આકાશમાં એમનાં ગોદામો જરૂર બાંધશે. જગતમાં સૌથી શ્રીમંત અદ્યતન ટેકનોલોજીઓના ઉદ્યોગપતિ ઈલોન મસ્કની અવકાશ ક્ષેત્રમાં પ્રવૃત્ત સ્પેસએક્સ કંપની દ્વારા અમેરિકાની સરકારના ફેડરલ કોમ્યુનિકેશન્સ કમિશન (FCC)ની ઓફિસમાં અરજી મૂકવામાં આવી છે, તેમાં પૃથ્વીની ભ્રમણ કક્ષાની અંદર અંતરિક્ષમાં તરતાં દસ લાખ ઉપગ્રહો છોડવા માટેની મંજૂરી માગવામાં આવી છે. પાંચ, પચ્ચીસ હજાર નહીં પરંતુ પૂરા દસ લાખ. ઈલોન મસ્કના આ આંકડાએ જ દુનિયાને ચોંકાવી દીધા છે.

આ માગણી અથવા અરજ અભૂતપૂર્વ છે તે વાત કોઈ પણ સમજી શકે છે. ઉપગ્રહો હકીકતમાં અવકાશમાં ઊડતાં કે તરતાં ડેટા સેન્ટરો હશે. પૃથ્વી પર ઈન્ટરનેટના માધ્યમથી જે ડેટા જનરેટ થાય તેનું સ્ટોરેજ અને મેનેજમેન્ટ આ ડેટા સેન્ટરો વડે થશે. આ કોઈ સાયન્સ ફિક્શન નથી. મસ્કની ટેલિકોમ કંપની સ્ટારલિન્ક માટે મસ્કની રોકેટ કંપની સ્પેસએક્સ દ્વારા ઓલરેડી હજારોની સંખ્યામાં ઉપગ્રહો તરતાં મૂકવામાં આવ્યા છે. વધુ અને વધુ મૂકાઈ રહ્યા છે. જો કે સ્ટારલિન્કના ઉપગ્રહો સંદેશા વ્યવહારના મધ્યસ્થી તરીકે છે. તે કોઈ ડેટા સેન્ટરો નથી. તેથી પૃથ્વીથી ખૂબ ઊંચે, દૂર અંતરિક્ષમાં તરતા મૂકવાની જરૂર નથી. તે લો અર્થ ઓરબીટમાં ફરે છે. હમણાં થોડા સમય અગાઉ સ્ટારલિન્ક અને સ્પેસએક્સ અલગ અલગ કંપનીઓ હતી. હવે સ્પેસએક્સ દ્વારા સ્ટારલિન્ક ખરીદી લેવામાં આવી છે અને સ્પેસએક્સ ડેટા સેન્ટરોના ઉપગ્રહો અંતરિક્ષમાં વધુ ઊંચાઈઓ પર તરતા મૂકશે પરંતુ તે પણ લો અર્થ ઓરબીટ જ ગણાય. વર્ષ 2019માં સ્ટારલિન્કના 42 હજાર ઉપગ્રહો તરતાં મૂકવાની માગણી FCC સમક્ષ મૂકાઈ હતી, જે મંજૂર રખાઈ હતી અને તેમાંના સાડા નવ હજારથી વધુ અવકાશમાં ઘૂમી રહ્યા છે. સ્પેસએક્સના આયોજિત ડેટા સેન્ટરોના ઉપગ્રહોની સંખ્યાની તુલનામાં આ એક ટકો પણ નથી. છતાં સ્ટારલિન્કના ઉપગ્રહોને કારણે આકાશમાં ગીરદી થઈ ગઈ હોય તેવું લાગે છે. એક રિપોર્ટ પ્રમાણે ગયા 2025ના વર્ષમાં સ્ટારલિન્કના સેટેલાઈટો આપસમાં ટકરાઈ જાય એટલા નજીક આવી જતા હતા અને આ ઘટનાઓ પણ લગભગ ત્રણ લાખની સંખ્યામાં ઘટી હતી. શક્ય છે કે તેમાંના કોઈ મિકેનિઝમને પ્રતાપે તેઓ અવકાશમાં એકમેક સાથે ટકરાતા બચી જતા હશે પરંતુ લગોલગ આવી જવાની આટલી ઘટનાઓ બતાવે છે કે આકાશમાં પણ ટ્રાફિક જામ થઈ રહ્યો છે.

અવકાશમાં ચોવીસ કલાક સૂર્યનો પ્રકાશ ઉપલબ્ધ હોય તે કારણથી ઈલોન મસ્કને આકાશીય ડેટા સેન્ટર સેટેલાઈટ્સ લોન્ચ કરવાનો ઉપક્રમ સૂઝ્યો છે. હવે કોમ્પ્યુટર ક્ષેત્રમાં આર્ટિફિસિયલ ઈન્ટેલિજન્સ (AI)નો એક અદ્દભૂત તબક્કો શરૂ થયો છે. તેના સંચાલન માટે વીજળીની ખૂબ મોટી ખપત થશે અને એટલી જ માત્રામાં ડિમાન્ડ સર્જાશે.

**કબીરા ખડા બજાર મેં**
**વિન્સી મરચન્ટ**

જો અવકાશમાંથી અવિરત સૂર્યશક્તિ મળતી રહે તો પૃથ્વીના પર્યાવરણ માટે મોટો ઉપકાર ગણાશે. આમે ય AI દ્વારા વીજળીની જે ડિમાન્ડ પેદા થશે તેને પહોંચવા માટેનાં પૂરતાં સંસાધનો પૃથ્વી પર હવે બચ્યાં નથી તેથી અણુ ઊર્જાનો વિકલ્પ પસંદ થઈ રહ્યો છે. અંતરીક્ષમાં અણુ પ્લાન્ટ શરૂ કરી શકાય નહીં. પરંતુ ત્યાં સૂર્ય પ્રકાશ સતત અને વિપુ માત્રામાં મળે. આ એક આકર્ષણ છે જે ગગનવિહાર કરવાની મસ્ક અને સમકક્ષ ઉદ્યોગપતિઓને પ્રેરણા આપે છે. ગયા નવેમ્બરમાં અમેરિકાની અન્ય એક કંપની ‘સ્ટારક્લાઉડ’ દ્વારા અવકાશમાં એક ડેટા સેન્ટર પ્રાયોગિક ધોરણે મોકલાયું હતું. તે એનવિડિયાની અદ્યતન અને શક્તિશાળી ચીપથી સજ્જ હતું. તે ઉપરાંત યુરોપીઅન કમિશન દ્વારા થોડા સમય અગાઉ એક અભ્યાસ હાથ ધરાયો હતો. પરિણામો કહે છે કે અવકાશમાં ડેટા સેન્ટર બાંધવાનું શક્ય છે.

ડેટા સેન્ટરો માટે દસ લાખ નહીં તો પણ ખૂબ મોટી સંખ્યામાં ઉપગ્રહો અવકાશમાં લોન્ચ કરવા પડે. જો ઈલોન મસ્કની સ્પેસએક્સ કંપની એ અદ્યતન રોકેટો શોધ્યા ન હોત તો અશક્ય કામ હતું. પરંતુ સ્પેસએક્સના નવા તૈયાર થયેલાં અને થઈ રહાલં, રોકટો એક ફ્લાઈટમાં બસ્સો (૨૦૦) ટન જેટલું માતબર વજન લઈ જઈ શકે છે. કંપની દ્વારા જે નવું સ્ટારશીપ રોકેટ તૈયાર થઈ રહ્યું છે અને જેને આખરી ઓપ અપાઈ રહ્યા છે તે રોકેટોના આજ સુધીના ઈતિહાસમાં સૌથી શક્તિશાળી રોકેટ છે. સ્પેસએક્સના રોકેટોનો જે વિલક્ષણ ગુણ છે તે એ છે કે તેને ફરી ફરીને ઉપયોગમાં લઈ શકાય છે. આ પ્રકારનાં




**વર્ષ 2019માં સ્ટારલિન્કના 42 હજાર ઉપગ્રહો તરતાં મૂકવાની માગણી FCC સમક્ષ મુકાઈ હતી, જે મંજૂર રખાઈ હતી અને તેમાંના સાડા નવ હજારથી વધુ અવકાશમાં ઘૂમી રહ્યા છે. સ્પેસએક્સના આયોજિત ડેટા સેન્ટરોના ઉપગ્રહોની સંખ્યાની તુલનામાં આ એક ટકો પણ નથી**

નવા રોકેટો માત્ર સ્પેસએક્સ દ્વારા જ શોધવામાં આવ્યાં છે. વળી તે જમીન પર ઊભા કરવામાં આવેલા માંચડા અથવા લોખંડના ટાવર પર આપમેળે સીધું લેન્ડીંગ કરી શકે છે. અગાઉ લગભગ તમામ રોકેટો જમીન પર પાછા ફરે ત્યાં ગુરુત્વાકર્ષણની ઝડપને કારણે ઘસાઈને સળગી જતાં હતાં અથવા સમુદ્રમાં પાડવામાં આવતાં નથી. અમુક અંતરિક્ષમાં જ દૂરની અનંતયાત્રાએ નીકળી જતા હતા. આજે પણ સ્પેસ મિશનમાં જૂનવાણી ઢબનાં રોકેટો વપરાય છે પણ એક જ વખત કામમાં આવે તેથી ખૂબ મોંઘા પડે. આમ તેના વડે લાખો ઉપગ્રહો દર વરસે તરતા મૂકી શકાશે. અવકાશ સંશોધનોની અન્ય પ્રવૃત્તિઓમાં પણ આ રોકેટો અત્યંત મદદરૂપ બનશે. ડેટા સેન્ટરો રચવા માટે અવકાશમાં હજારો અને લાખો સેટેલાઈટ્સના જૂમખાં અથવા મંડળો રચવા પડશે. તે તમામ એક સાથે બાજુબાજુમાં રહીને તરતા રહેશે.અમેરિકા સામે હાલમાં સૌથી વધુ પડકારરૂપ ચીન છે. અવકાશમાં માત્ર અમેરિકાની કંપની જ ડેટા સેન્ટર ક્લસ્ટરો બાંધવાની નથી. ચીન પણ ઘણું આગળ વધી ગયું છે. ગઈ ૨૯ ડિસેમ્બરના રોજ ચીન દ્વારા ઈન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન્સ યુનિયન (આઈટીયુ)ને અવકાશમાં રેડીઓ સ્પેક્ટ્રમ એલોટ કરવા માટે અરજી સોંપવામાં આવી છે. આ ઉપરાંત બે લાખ સેટેલાઈટ છોડવાની મંજૂરી માગવામાં આવી છે. અંતરિક્ષમાં વધુમાં વધુ કેટલા સેટેલાઈટ છોડી શકાય તે માટે કોઈ લિમિટ નક્કી કરવામાં આવી નથી, પરંતુ અગાઉના અભ્યાસો મુજબ ભ્રમણકક્ષામાં લાખો ઉપગ્રહો તરતા મૂકી શકાય. જોકે એક લાખ કરતાં વધુના ક્લસ્ટર તરતાં હોય તો તેને મેનેજ કરવાનું મુશ્કેલ છે.

સ્પેસએક્સની અરજી પ્રોસેસ કરવામાં એફસીસીને મહિનાઓ લાગી જશે. આમ જનતા પાસેથી સાંદર્ભિક વાંધાવચકાઓ તેમજ સૂચનો મંગાવવામાં આવશે. ત્યારબાદ નિર્ણય લેવાશે. સંસ્થા મંજૂરી આપશે તો લગભગ પાંચેક લાખ જેટલા સેટેલાઈટ્સ છોડવા માટે સ્પેસએક્સને છ વરસની મુદત અપાશે. આ પ્રકારની શરતો એફસીસીના નિયમોમાં અગાઉથી જ છે. પરંતુ તે શરતો જતી કરવાની માગણી સ્પેસએક્સ દ્વારા સંસ્થા સમક્ષ કરાઈ છે. રેડીઓ સિગ્નલો માટે સેટેલાઈટ્સ સિગ્નલો અડચણરૂપ ન બને તે તકેદારી લેવા માટે આ શરતો સ્પેસએક્સની રજૂઆત છે કે મોટા ભાગનો સંદેશા વ્યવહાર ઓપ્ટિકલ લિન્ક અર્થાત લેસર કોમ્યુનિકેશન્સ વડે થશે તેથી રેડીઓ સિગ્નલોમાં ખલેલ પડશે નહીં. સ્પેસએક્સના ઉપગ્રહો અવકાશમાં પાંચસોથી બે હજાર કિલોમીટર સુધીની ઊંચાઈ પર ઊડશે. જ્યારે સ્ટારલિન્કના ટેલિકોમ સેટેલાઈટ્સ પાંચસી કિલોમિટરથી થોડી નીચે ઊંચાઈએ ઊડી રહ્યા છે. સ્પેસએક્સના ઉપગ્રહો પૃથ્વીની ધ્રુવીય પ્રદેશો પરના આકાશ પર ઊડતા હશે તેથી અવકાશમાં જતાં આવતાં અન્ય રોકેટોનો માર્ગ અવરોધશે નહીં. ઉપગ્રહોનો એક ઝુમખો અથવા કોન્સ્ટેલેશન રચવા માટે દસ હજાર સેટેલાઈટ્સની જરૂર પડે. પ્રત્યેક ખેપ માટે એક કલાકનો સમય ગણવામાં આવશે તો દસ લાખ લોન્ચ કરવા માટે એક વરસથી થોડો વધુ સમય લાગી જાય. આ ઉપક્રમ પૃથ્વી પરની સંસ્થાઓને અવકાશી સંશોધનો માટે મદદરૂપ બનશે.

પરંતુ નિષ્ણાતોનું કહેવું છે કે પૃથ્વીની ભ્રમણકક્ષામાં પાંચ લાખ જેટલા સેટેલાઈટ્સ તરતા મૂકાય તો ટેલિસ્કોપ દ્વારા જે ઈમેજો મેળવવામાં આવે કે મોકલવામાં આવે, લગભગ તે તમામમાં સેટેલાઈટ્સની હાજરી જોવા મળશે અને એ રીતે અડચણરૂપ બનશે. કદાચ દુનિયાને વધુ અચંબિત કરવા માટે ઈલોન મસ્કે દસ લાખની દરખાસ્ત મૂકી છે. બીજી તરફ એ હકીકત છે કે ડેટાનો સંગ્રહ દહાડે દહાડે વધતો જશે અને તેને સ્ટોર કરવા માટે અવકાશમાં મોટા ગોદામોની જરૂર પડશે. •

## રાષ્ટ્રપતિ ભવનના મેનૂમાં આ શું?

**સ્ટે**ટ બેન્ક્વેટ એટલે કે રાજ્યભોજનમાં વિદેશી મહાનુભાવો માટે આપવામાં આવતા ‘સંપૂર્ણ શાકાહારી ભારતીય ભોજન’ના મેનૂ હવે રાજનૈતિક વર્તુળોમાં ચર્ચાનો વિષય બની ગયા છે. નવી દિલ્હીમાં તૈનાત રહેલા રાજદ્વારીઓ ભારતની સ્વાદિષ્ટ નોનવેજ અને વેજ વાનગીઓની વિશાળ વિવિધતાથી પરિચિત છે ત્યારે મેનૂના ભોજનની પસંદગીથી આશ્ચર્યચકિત અને મૂંઝવણમાં પડી ગયા છે. જેમ કે, સેશેલ્સના રાષ્ટ્રપતિ ડો. પેટ્રિક હર્મિનીની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ ભવનમાં આપવામાં આવેલા મેનૂમાં એવી વાનગીઓ હતી કે જે બહારના મહેમાનો તો ઠીક ભારતના મહેમાનોને પણ સમજાતી નહોતી. આ વાનગીઓ જુઓ: કોશાંબરી વિથ ચાર્ડ પાઈનેપલ ઇન યોગર્ટ ફોમ, જેકફ્રુટ અને બનાના બ્લોસમ ઓન એડિબલ સુગરકેન સ્કેવર્સ, સ્ટફ્ડ બોટલ ગોર્ડ, સ્પાઈસ્ડ



યામ અને રો બનાના ઇન યોગર્ટ સોસ. પહેલી વાનગીને રાષ્ટ્રપતિ ભવનની દક્ષિણ ભારતીય સલાડ (સ્પ્લિટ મૂંગ અને કાકડીની, મરચાં-રાઈના તડકે સાથે) તરીકે વર્ણવવામાં આવી હતી. બીજી વાનગી કેરળની હોવાનું કહેવાયું, પણ તેનાથી મલયાલીયોઓ પણ માથું હલાવી રહ્યા હતા. ત્રીજી વાનગી કન્નડ સ્ટાઈલની દહીં આધારિત વાનગીનું નવું સ્વરૂપ હોવાનું કહેવામાં આવ્યું. ગયા ડિસેમ્બરમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન માટેના ભોજનમાં પણ આવું જ સંપૂર્ણ શાકાહારી મેનૂ હતું. તેમાં હતું: વેજિટેબલ ઝોલ મોમો વિથ સ્પાઈસી ચટણી, અચારી બૈંગણ અને પાલક મટર મેથી કા સાગ. મેનૂ કાર્ડ પર લખ્યું હતું કે, “આ મેનૂ હેલ્ધી, હાઈ-પ્રોટીન અને લો-શુગર પસંદગીને અનુરૂપ બનાવવામાં આવ્યું છે.” સવાલ એ છે કે શું સરકારે પુતિન પાસેથી તેમની ભોજન પસંદગી વિશે પૂછ્યું હતું? કોંગ્રેસના નેતા શશિ થરૂર (જે તેમના પક્ષમાંથી એકમાત્ર આમંત્રિત હતા) એ પણ મીડિયાને ભોજન વિશે ફરિયાદ કરી હતી. રાજદ્વારી વર્તુળોમાં ચર્ચા છે કે આવા તથાકથિત હેલ્ધી શાકાહારી ભોજનથી વિદેશી મહાનુભાવો અસંતુષ્ટ અને ભૂખ્યા રહી જાય છે. કથિત રીતે હોટેલ પરત ફર્યા પછી તેઓ રૂમમાં જઈને વધુ પરિચિત નોનવેજ ભારતીય ખોરાક ઓર્ડર કરે છે.

**ઈધર-ઉધરકી**
**આરતી જેરથ**

## નીતિન નબીને પહેલી જ રેલીમાં ડાટ વાળી

**ન**વા ચૂંટાયેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીનને આપણા વિવિધતાભર્યા દેશની સંસ્કૃતિ અને ઇતિહાસ વિશે હજુ ઘણું શીખવાનું બાકી છે. પાર્ટી અધ્યક્ષ તરીકેની તેમની પહેલી જ રેલીમાં તેમણે મોટી ભૂલ કરી દીધી, જેનાથી સ્થાનિક નેતાઓના મોઢા લાલ થઈ ગયા. તેમણે પોતાનું પહેલું ભાષણ આપવા માટે ચૂંટણીવાળા પશ્ચિમ બંગાળનું સ્થાન પસંદ કર્યું. પણ ભાષણ



દરમિયાન તેમણે રાજ્યના આદરણીય સાંસ્કૃતિક ગુરુ રવિન્દ્રનાથ ટાગોરને નોબેલ શાંતિ પુરસ્કારના વિજેતા તરીકે બિરદાવ્યા. ટાગોર એક મહાન કવિ, લેખક, સંગીતકાર અને કલાકાર હતા. તેમને ૧૯૧૩માં સાહિત્ય માટે નોબેલ પુરસ્કાર મળ્યો હતો. સ્પષ્ટ છે કે નબીન કાં તો ગભરાઈ ગયા હતા કે કાં તો તેમને ખબર જ નહોતી. આ ભૂલથી બંગાળના નેતાઓ ઘણી શરમમાં પડી ગયા અને તેઓને ક્યાં જોવું તે સમજાતું નહોતું. આ વાત બંગાળની જનતાને પણ ગમી નહીં અને તેનાથી ટીએમસીના નેતા મમતા બેનર્જીનો વારંવાર કરવામાં આવતો આરોપ વધુ મજબૂત થયો કે ભાજપ ‘બહારના લોકો’ની પાર્ટી છે.

## ૪ વર્ષ પછી ઐતિહાસિક બંગલો મેયરને સોંપાયો

**દ**ક્ષિણ મુંબઈના બાયકુલ્લા ઝૂ કોમ્પ્લેક્સમાં આવેલો મુંબઈના મેયરનો ઐતિહાસિક બંગલો ચાર વર્ષ પછી કોઇકને મળ્યો છે. આ વખતે રીતુ તાવડે મુંબઈના પહેલા ભાજપ મેયર તરીકે ચૂંટાયા છે તેથી તેઓ ત્યાં રહેશે. ૨૦૨૨માં બૃહન્મુંબઈ મહાનગરપાલિકા (BMC) ભંગ થઈ ગઈ હતી અને



ચૂંટણી આ વર્ષની શરૂઆત સુધી મુલતવી રહી હતી તેથી છેલ્લા ચાર વર્ષથી બંગલો ખાલી પડ્યો હતો. આ બંગલો ઐતિહાસિક (હેરિટેજ) ઇમારત છે તેથી તેમાં મોટા બાંધકામના કે અન્ય મોટા ફેરફાર કરી શકાતા નથી. પણ ચાર વર્ષ બંધ રહ્યા પછી હવે તેને સાફ-સફાઈ કરીને તૈયાર કરવામાં આવી રહ્યો છે. ખરેખર તો મુંબઈના મેયરને દાદરના શિવાજી પાર્કનો એક બંગલો ફાળવવામાં આવ્યો હતો. પણ ૨૦૧૯માં, જ્યારે BMC ઉદ્ધવ ઠાકરેના એકજૂટ શિવસેનાના નેતૃત્વ હેઠળ હતી, ત્યારે તે બંગલાને શિવસેનાના સ્થાપક બાળાસાહેબ ઠાકરેની યાદમાં સ્મારક બનાવવા માટે કબજે કરી લીધો. એનું કારણ એ હતું કે ૧૯૬૬માં શિવસેના બનાવ્યા પછી બાળાસાહેબે પોતાની પહેલી રેલી શિવાજી પાર્કમાં જ આપી હતી, જે મેયરના બંગલાની સામે હતી. આ ભાવનાત્મક કારણોસર શિવસેનાએ આ આખો વિસ્તાર કબજે કરી લીધો. પણ આ સ્મારક હજુ સુધી જનતા માટે ખોલવામાં આવ્યું નથી, ભલે તેનું બાંધકામ છેલ્લા સાત વર્ષથી ચાલી રહ્યું હોય!

# ધનવાનોનો લવ ટ્રાયેંગલ અને મોતનો મ્યુઝિકલ શો



**એ**ક-એક દેશ માટે દરેક સદીની એક વ્યક્તિ એક ઘટના ખાસ હોય છે. જેનાથી એ દેશ-સમાજ સમય પ્રતિબિંબિત થાય. ડોનાલ્ડ ટ્રમ્પનું અમેરિકા કેવું છે એ રોજેરોજ અખબારમાં મહાવ્યભિચારી જેફરી એપ્સટિનના પાપની કુંડળીઓ અને ટેરિફ-ટેરરથી ખબર પડે છે. આવા અમેરિકાના સદીનો મુકદમોના ફ્લેશબેકમાં જઈએ.

ટ્રાયલ ઓફ ધ સેન્ચુરીની શરૂઆત થઈ 1906ની 25મી જુનના એ દિવસે દેશભરને ખાસ તો વગદાર, સમૃદ્ધ અને હાઈ સોસાયટીને હચમચાવી નાખતી જે ઘટના બની. એમાં ત્રણ મુખ્ય કિરદાર હતા. પહેલો હતો. સ્ટેનફોર્ડ વ્હાઈટ, અત્યંત કાબેલ ધનવાન, સફળ દિલદાર, રંગીલો ટૂંકમાં કહો તો પ્લેબોય. બીજું પાત્ર હેરી કેન્ડલ થો (1871-1947) અમેરિકાના અબજોપતિ અને સ્ટાર આર્કિટેકટ હતા. એટલા જ સમૃદ્ધ. ત્રીજું ગ્લેમરસ કેરેક્ટર એટલે એવલીન નેસ્બિટ અમેરિકન એક્ટ્રેસ, મોડલ અને સ્ટેનફોર્ડ વ્હાઈટની પત્ની ખરા અર્થમાં પ્રણય ત્રિકોણ ન કહી શકાય પણ આ ત્રિપુટીના સંબંધમાં પ્રેમ, વાસના, જનૂન, હિંસા અને મોત હતા. હકીકતમાં સ્ટેનફોર્ડ વ્હાઈટ અને એવલિન નેસ્બિટના અતીતના ગર્ભમાં ગાયબ થયેલા સંબંધનો 1906ની 25મી જુને જીવલેણ રૂપે વિસ્ફોટ થવાનો હતો. એ દિવસે ગરમી સાધારણથી વધુ હતી. હેરી અને એવલિન યુરોપમાં રજા ગાળવા માટે રવાના થવાની ઘડીની પ્રતિક્ષા કરતા હતા. આ અગાઉ ટૂંકા રોકાણ માટે યુગલ ન્યુયોર્ક આવ્યું હતું. થોડો ફાજલ સમય મળ્યો એટલે હેરીએ જગવિખ્યાત મેડીસન સ્ક્વેર ગાર્ડનના સફટોપ થિયેટરમાં યોજાનારા નવા મ્યુઝિકલ શો મેમઝેલ શેમ્પેઈનની ચાર મોંઘીદાટ ટિકિટ બુક કરાવી હતી. પોતે, એવલિન અને બીજા દોસ્તો માટે. અમેરિકા હતું ને અમેરિકી દંભ હતો એટલે ગરમી છતાં હેરી કેન્ડલ થોએ લાંબો કાળો ઓવરકોટ પહેર્યો હતો. ડિનર જેકેટ પર બફારો અસહ્ય બનવા છતાં તેણે આખર સુધી ધરાર ઓવરકોટ પહેરી રાખ્યો હતો.

હેરી અને એવલિન તો આયોજન અને ઈચ્છા સાથે મેડિસન સ્ક્વેર ગાર્ડનના રુફટોપ થિયેટરમાં ગયા હતા. પરંતુ સ્ટેનફોર્ડ વ્હાઈટને નિયતિ ત્યાં એકાએક ખેંચી ગઈ. સંજોગો એવા નિર્માણ થયા હતા કે 19 વર્ષનો પુત્ર ગ્રાંટ ઓચિંતો ન્યુયોર્ક આવી ગયો એટલે સ્ટેનફોર્ડે ફ્લોડેલ્ફિયા પાછા ફરવાનું થોડા સમય માટે માંડી વાળ્યું. આ નિરાંતની પળોમાં તેણે ન્યૂયોર્કના નામાંકિત એવા દોસ્ત જેમ્સ કર્લીમ સ્મિથ (આ સજ્જનનું નામ આપને ‘ટાઈટેનિક’ દુર્ઘટનામાં જળસમાધિ લેનારા કમનસીબોની માટીમાં દેખાશે) સાથે થિયેટરની પાસેના માર્ટિન્સ રેસ્ટોરાંમાં ડિનર લીધું. એ સમયે સ્ટેનફોર્ડને કલ્પના સુદ્ધાં નહોતી કે થોડા સમય અગાઉ અહીં એની પ્રેમિકા એવલિન એના પતિ હેરી ડિનર કરી રહ્યા હતા.

**હેરી અને એવલિન તો આયોજન અને ઇચ્છા સાથે મેડિસન સ્ક્વેર ગાર્ડનના રુફટોપ થિયેટરમાં ગયા હતા પરંતુ સ્ટેનફોર્ડ વ્હાઇટને નિયતિ ત્યાં એકાએક ખેંચી ગઇ**

ડિનર પૂરું કર્યાની તૃપ્તિના ઓડકાર આવે એ અગાઉ સ્ટેનફોર્ડ અને હેરીની નજર એકમેક પર પડી. એ નજર હતી હળાહળ ઝેર ભરેલી, ખેર, આ આંખોમાં અંજાયેલા વેરભાવથી અજાણ એ રાતનો પ્રીમિયર શો આગળ વધી રહ્યો હતો. આમ ‘મેમજેલ શેમ્પેઇન (1906) સાધારણ હળવું મનોરંજન ગણાય. યુવાન પ્રેમીઓ, એમના મનામણા-રિસાણ ઉપર ગીત-સંગીતનો વઘાર આમાં એક ગીત ‘ધ લેન્ડ ઓફ ગોલ્ડન ડ્રિમ્સ’ પત્યું. રાબેતા મુજબનું કથાનક આગળ વધતું હતું.

ઉચ્ચભ્રૂ સમાજના મોટાભાગના પ્રેક્ષકોને કળા, નૈતિકતા કે આદર્શ સાથે દૂરદર્શના ય સંબંધ નહોતા. પેટમાં સ્કોચ-વાઈન-શેમ્પેઈનના બે-ત્રણ પેગ, ઉપર દબાવીને ખાધેલા જંકફુડ અને પોતાના લેટેસ્ટ કપડાં અને જ્વેલરી કોણ જુએ છે એની વધુ દરકાર હતી સૌને. હા. આ થિયેટરમાં આવવું એ મોટું સ્ટેટસ ગણાતું હતું. કદાચ એટલે જ અહીં ફરી આવ્યા હતા.

પેટની અંદર મોંઘી વ્હીસ્કીના પેગ પડ્યા હતા. ન્યુયોર્કની રોમેન્ટિક રાત હતી, યુવાન-ખૂબસુરત નવપરિણીતનો સુવાળો સંગાથ હતો, પણ હેરી થો આ બધાય અલિપ્ત હતો. વિચારોના અગબીડ જંગલમાં એ ક્યાંયનો ક્યાંય નીકળી ગયો હતો. રોમેન્ટિક મૂડને બદલે એ અસ્વસ્થ હતો. ચહેરા પર સ્નેહ-સ્મિતને અકડાઈ-સખ્તાઈ વધતી જતી હતી.

**ક્રાઈમ કોડ**
**પ્રફુલ શાહ**

ઘડિયાળના કાંટા અગિયાર વગાડવા ભણી અગ્રેસર હતા. પ્રિમિયર શો પરાકાષ્ઠાએ પહોંચવામાં હતો. બરાબર ત્યારે જ સ્ટેનફોર્ડ વ્હાઈટે દેખા દીધી. એ કાયમ રિઝર્વ રખાતી પોતાની સીટ ભણી આગળ વધ્યો. ગજબ માનસિક સ્થિતિ વચ્ચે હેરીએ સ્ટેનફોર્ડનો જોયો. હેરીએ સ્વસ્થ થવા માટે સીટ આગળ-પાછળ કરી પણ એમ કંઈ મન માને? શાંત થાય? હેરી કેન્ડલ એકાએક સીટ પરથી ઊભો થઈ ગયો. થોડી વારમાં બેસી ગયો. આવું. ત્રણેકવાર થયું. પછી ઝડપભેર ઊભો થઈને સ્ટેનફોર્ડના ટેબલ પાસે ગયો. ત્યારે ગીત વાગતું હતું. આઈ કુડ લવ અ મિલિયન ગર્લ્સ.... આ ગીતના શબ્દથી હેરીની આંખમાં ખુન્નસ ધસી આવ્યું. તે એકદમ સ્ટેનફોર્ડ વ્હાઈટ સામે તાકી રહ્યો. ને એકદમ ઠંડા અવાજે બોલ્યો, યુ હેવ સઈન્ડ માય વાઈફ.

સ્ટેનફોર્ડ વ્હાઈટ કંઈ સમજે કે બોલે એ અગાઉ હેરી કેન્ડલ થોએ અચાનક પિસ્તોલ કાઢી અને....

(ક્રમશઃ)

